### સ્ટેચ્યૂ ઓફ યુનિટિ ખાતે ૫૬૨ રજવાડાઓની શૌર્ય ગાથા રજૂ કરતું

# મ્યુઝિયમ તૈયાર કરવાના નિર્ણય બદલ મુખ્યમંત્રીનો આભાર માનતા રાજવીશ્રીઓના પરિવારજનો

શિક્ષણમંત્રીશ્રી ભુપેન્દ્રસિંહ ચુડાસમાએ જણાવ્યું હતું કે, ૫૬૨ રજવાડાઓનું આ ભવ્ય મ્યુઝિયમ બનાવવાની પ્રેરણા વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીએ આપી છે જ્યારે તેને ઝડપી પૂર્ણ કરવાના પ્રયાસો મુખ્યમંત્રીશ્રી વિજયભાઈ રૂપાણીએ હાથ ધર્યા છે. ભુપેન્દ્રસિંહ ચુડાસમાએ વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદી અને મુખ્યમંત્રીશ્રી વિજયભાઈ રૂપાણીનો આ ઐતિહાસિક નિર્ણય લેવા બદલ



સમાજવતી આભાર માન્યો હતો. ઉપસ્થિત વિવિધ રાજવીશ્રીઓના પરિવારજનો દ્વારા મુખ્યમંત્રીશ્રીને રજવાડી પાઘડી અને સ્મૃતિપત્ર આપીને તેમના સંકલ્પને બિરદાવ્યો હતો. રાજકોટના રાજવી પરિવારના શ્રી માંધાતાસિંહ જાડેજાએ ઉપસ્થિત સૌ રાજવીશ્રીઓના પરિવારજનોનો પરિચય કરાવ્યો હતો. લીંબડીના ધારાસભ્યશ્રી કિરીટસિંહ રાણા સહિત પ્રાંતના રાજવીશ્રીઓના પરિવારજનો ઉપસ્થિત રહ્યા હતા.

# હિમતનગર-ઉદેપુર રેલ્વેલાઈનનું કામ માર્ચ સુધીમાં પૂર્ણ થશે

**પ્રથમ તબક્કામાં ડુંગરપુરથી અમદાવાદ ટ્રેન સેવા શરૂ કરવા તંત્રની કવાયત : અજમેર ડીવીઝન દ્વારા ડુંગરપુરથી રાયગઢ રેલખંડનું નિરીક્ષણ શરૂ કરાયું : રેલ્વે સેફટી બોર્ડના પ્રમાણપત્રના આધારે ટ્રેન શરૂ કરવા વિચારાશે**

હિંમતનગર, તા. ૧૭

છેલ્લા ચારેક વર્ષથી અમદાવાદ વાયા ડુંગરપુર થઈ ઉદેપુર જતી ટ્રેન સેવા બંધ કરાઈ છે ત્યારે મીટરગેજ લાઈનને બ્રોડગેજમાં ફેરવવા માટે રેલ્વે વિભાગ ધ્વારા અંદાજે રૂ. ૨૮૦૦ કરોડથી વધુનું બજેટ ફાળવવામાં આવ્યું હતું. ત્યારબાદ પ્રથમ તબક્કામાં અમદાવાદથી હિંમતનગર સુધીના રેલ્વે ટ્રેકનું બ્રોડગેજમાં રૂપાંતર કરાયા બાદ થોડા મહિના અગાઉ અમદાવાદથી હિંમતનગર સુધીની ટ્રેન શરૂ કરવામાં આવી હતી. દરમિયાન કોરોનાને લઈને અત્યારે ટ્રેન સેવા બંધ છે. તો બીજી તરફ રેલ્વે વિભાગ ધ્વારા હિંમતનગરથી ડુંગરપુર વચ્ચેનો રેલ્વે ટ્રેકનું બ્રોડગેજમાં રૂપાંતર થયા બાદ ટ્રેન સેવા શરૂ કરતા અગાઉ રેલખંડનું નિરીક્ષણ શરૂ કરાયું છે. જે તા. ૨૬ ડીસેમ્બર સુધીમાં પૂર્ણ થવાની ધારણા છે.

આ અંગે અજમેર ડીવીઝનના પીઆરઓના જણાવ્યા મુજબ હિંમતનગરથી ઉદેપુર વચ્ચેની મીટરગેજ લાઈનનું બ્રોડગેજમાં રૂપાંતર કરવા માટે અગાઉ અંદાજે ૧૬૬૦ કરોડની ફાળવણી કરવામાં આવી હતી. ત્યારબાદ તેનું કામ પણ યુદ્ધના ધોરણે શરૂ કરી દેવામાં આવ્યું હતું. પરંતુ હિંમતનગર વાયા ડુંગરપુર થઈ ઉદેપુર જતી લાઈન પર ડુંગરો આવેલા હોવાને લીધે ટ્રેક બનાવવાની કામગીરી ખુબજ અઘરી હતી. તેમ છતાં યાંત્રિક સાધનોની મદદથી કેટલેક ઠેકાણે ડુંગરોને તોડી તેના બોગદામાં રેલ્વે ટ્રેક નાખી દેવામાં આવ્યા છે. અને રેલ્વે સ્ટેશનો તથા ટ્રેક પર આવતા ખુલ્લા ફાટકોને બદલે અન્ડરબ્રીજ બનાવી દેવામાં આવ્યા છે.

ત્યારબાદ આ કામ કરતા ઈજારદારોએ રેલ્વેના જવાબદાર અધિકારીઓને લેખિતમાં જાણ કર્યા બાદ રેલ્વે તંત્ર ધ્વારા ડુંગરપુરથી રાયગઢ વચ્ચેના રેલ ઉપખંડનું નિરીક્ષણ કરવાનું નક્કી કરાયું હતું. જેના ભાગરૂપે બુધવારથી ડુંગરપુરથી રાયગઢ સુધીના ઉપખંડનું એન્જીન અને નિષ્ણાતો સાથેની ટીમે એક ડબ્બામાં નિરીક્ષણનું કામગીરી શરૂ કરી દીધી હતી. જે ગુરૂવારે પણ ચાલુ રહેવા પામી હતી. રેલ્વે સુત્રોના જણાવાયા મુજબ આ ઉપખંડની ચકાસણી અને નિરીક્ષણની કામગીરી ૨૬ ડીસેમ્બર સુધીમાં પૂર્ણ થઈ જશે.

ત્યારબાદ આ નિષ્ણાતોની ટીમ ધ્વારા ઉપખંડનો અહેવાલ રેલ્વે સેફટી બોર્ડને સુપ્રત કરાશે. જે આધારે રેલ્વેતંત્ર ડુંગરપુરથી વાયા હિંમતનગર થઈ અમદાવાદ સુધીની ટ્રેન સેવા શરૂ કરવા અંગે ઉચ્ચ અધિકારીઓના આદેશ મુજબ આગળની કાર્યવાહી શરૂ કરી દેશે. અંદાજે રૂ. ૧૬૬૦ કરોડના ખર્ચે નિર્માણાધીન હિંમતનગરથી ઉદેપુર વચ્ચેની ટ્રેક બદલવાની અઘરી કામગીરી હેમખેમ પૂર્ણ કરી હોવા છતાં ઉદેપુર સુધીની રેલ્વેલાઈનને જોડવા માટે કેટલીક ટૂંકા અંતરની કામગીરી ચાલી રહી છે. જે માર્ચ મહિના સુધીમાં પૂર્ણ થવાની આશા છે. જયારે તમામ કામગીરી પૂર્ણ થશે ત્યારબાદ અમદાવાદથી ઉદેપુર થઈ લોકોને દિલ્હી સહીતના દેશના અન્ય સ્થળે જવા માટે અમદાવાદ, બરોડા કે મહેસાણા સુધી લાંબુ થવું પડશે નહિ.

## ખાડિયા સુધીની લાઈન તૈયાર થયા બાદ ઉદેપુર લાઈન જોડાઈ જશે

ઉદેપુર-અમદાવાદ સુધી જે બ્રોડગેજ રેલ્વે લાઈન નાખવાનું કામ લગભગ પૂર્ણતાને આરે છે. ત્યારે ઉદેપુરથી ડુંગરપુર વચ્ચેના કેટલાક વિસ્તારમાં ડુંગરાળ જમીન હોવાને કારણે કામગીરી ધીમી ચાલી રહી છે. તેમ છતાં રેલ્વેના અધિકારીઓ ઉદેપુર નજીક આવેલ ખાડિયા રેલ્વે સ્ટેશન સુધીની અમદાવાદ લાઈનને તૈયાર કર્યા બાદ તેનું સીધું જોડાણ ઉદેપુર લાઈનમાં આપી દેવાશે. જોકે તેના માટે હજુ ચારેક મહિના રાહ જોવી પડે તેમ છે.



# રાજ્યમાં કોરોનાના નવા ૧૧૧૫ કેસ નોંધાયા

**રાજ્યમાં કોરોનાથી કુલ ૮ લોકોનાં મૃત્યુ થયા : અત્યાર સુધીમાં કુલ ૮૮૮૯૯૬૫ ટેસ્ટ કરવામાં આવ્યા તેમજ ૨૧૫૫૨૮ લોકો સાજા થતા ડિસ્ચાર્જ કરાયા હતા**

ગાંધીનગર,તા.૧૭

રાજ્યમાં છેલ્લા ૨૪ કલાકમાં કોરોના વાયરસના ૧૧૧૫ નવા કેસ નોંધાયા છે. સૌથી વધુ ચિંતાજનક સ્થિતિ અમદાવાદની છે. અમદાવાદમાં કેસમાં ઘટાડો આવ્યો છે. ત્યારે આજે શહેરમાં ૨૨૪ અને જિલ્લામાં ૦૮ કેસ નોંધાયા છે. રાજ્યમાં વધુ ૮ દર્દીનાં નિધન થતા કોરોનાની કાતિલ રફતાર જોવા મળી છે. રાજ્યમાં અત્યારસુધીમાં કોવિડના કારણે કુલ ૨૩૨૧૮૮ દર્દીઓ સંક્રમિત થઈ ચુક્યા છે. આ સાથે જ અમદાવાદમાં કુલ કેસનો આંકડો ૫૫૦૦૦ને પાર થઈ ગયો છે. દરમિયાન રાજ્યમાં ૨૪ કલાકમાં સુરતમાં ૧૬૯, વડોદરામાં ૧૪૪, રાજકોટમાં ૧૨૯, બનાસકાંઠામાં ૧૮, ગાંધીનગરમાં ૪૯, ખેડામાં ૧૯, પંચમહાલમાં ૩૦, જામનગરમાં ૩૩, ભાવનગરમાં ૨૭, જૂનાગઢમાં ૨૩, આણંદમાં ૧૨, સાબરકાંઠામાં ૧૯, અમરેલીમાં ૭, નર્મદામાં ૯, કચ્છમાં ૨૩, કેસ નોંધાયા છે. જ્યારે સુરેન્દ્રનગરમાં ૧૯, દાહોદમાં ૧૯, મહીસાગરમાં ૧૧, મોરબીમાં ૧૦, ભરૂચમાં ૨૨, ગીર સોમનાથમાં ૧૦, પાટણમાં ૧૩, દેવભૂમિ દ્વારકામાં ૪, અરવલ્લીમાં ૫, નવસારીમાં ૨, તાપીમાં ૩, પોરબંદરમાં ૧, બોટાદમાં ૩, છોટાઉદેપુરમાં ૩ કુલ મળીને ૧૧૧૫ કેસ નોંધવામાં આવ્યા છે. રાજ્યમાં હજુ ૧૨૪૪૯ દર્દીઓ એક્ટિવ દર્દી તરીકે સારવાર લઈ રહ્યા છે. રાજ્યમાં ૬૫ દર્દીઓ વેન્ટિલેટર પર છે જ્યારે ૧૨૩૮૪ દર્દીઓ સ્ટેબલ છે. અત્યારસુધીમાં કુલ ૨૧૫૫૨૮ દર્દીઓ સાજા થયા છે જ્યારે કુલ ૪૨૧૧ દર્દીઓનાં મૃત્યુ થયા છે. આજે રાજયમાં અમદાવાદમાં ૪, સુરતમાં ૩ અને બોટાદમાં એક મળીને કુલ ૮ દર્દીઓનાં મોત સરકારી ચોપડે નોંધાયા છે, જ્યારે આજે રાજ્યમાં સૌથી વધુ દર્દી અમદાવાદ શહેરમાં ડિસ્ચાર્જ થયા છે. રાજ્યનો રિકવરી રેટ ૯૨.૮૨ ટકાના દરે પહોંચ્યો છે. જ્યારે રાજ્યમાં છેલ્લા ૨૪ કલાકમાં ૫૪૮૩૫ ટેસ્ટ કરવામાં આવ્યા છે. રાજ્યમાં હાલમાં કોરોના કાબૂમાં હોવા છતાં પણ ૫.૩૨ લાખથી લોકો હોમ ક્વોરન્ટાઈન છે.

# રાજ્ય શિક્ષક સંઘના મહામંત્રી સતીષ પટેલે વિડીયો જાહેર કરી દિલગીર વ્યક્ત કરી

**ટીપીઓ સાથે બીભત્સ શબ્દો બોલતી ઓડિયો વાયરલ પછી અક્ષર જ્ઞાન**

ગુજરાત પ્રાથમીક શિક્ષક સંઘના મહામંત્રી અને બાયડ તાલુકાની પ્રાથમીક શાળામાં ફરજ બજાવતા સતીષ પટેલ અને બાયડ તાલુકા શિક્ષણાધિકારી તરારને ધમકી ભર્યા સૂરમાં બેફામ ગાળો આપતો ઓડિયો વાયરલ થતા પ્રાથમીક શિક્ષણ વિભાગમાં હડકંપ મચ્યો હતો. ઑડિયો વાયરલ થતા સરકાર પણ હરકતમાં આવી હતી તેમજ મહામંત્રી સતીષ પટેલ માફી માંગતો વિડીઓ કે ઑડિયો જાહેર કરવા તાકીદ કરી છે અને માફી ન માંગે તો પ્રાથમિક શિક્ષણ વિભાગને સરકારી કામકાજમાં અડચણ ઉભી કરવાનો ગુન્હો નોંધવામાં આવેની સૂચના આપી હોવાની જાણ મહામંત્રી સતીષ પટેલને થતા તાબડતોડ એક વિડીયો મારફતે દિલગીરી વ્યક્ત કરી તાલુકા પ્રાથમિક શિક્ષણાધિકારી તરાર અને શિક્ષકોની માફી માંગતા હોય તેવી મુદ્રામાં આવી ગયા છે. સતીષ પટેલને ઑડિયો વાયરલ થયા બાદ જાણે અક્ષર જ્ઞાન થયું હોય તેવું શિક્ષણ આલમમાં ચર્ચાઈ રહ્યું છે.



રાજ્ય પ્રાથમીક શિક્ષણ સંઘના મહામંત્રી સતીષ પટેલે વીડિયો મારફતે માફી માંગી ખુલાસો કરતા જણાવ્યું હતું કે તાજેતરમાં પ્રાથમીક શાળાઓમાં નવા નિયમો આવ્યા અને જેને પગલે શિક્ષકો વધમાં પડતા અને કેટલીક સ્કૂલોમાં ઘટ પડતા વધ-ઘટ કેમ્પ થયો જેમાં શિક્ષકોની બદલીઓ થઈ અને શિક્ષિકાઓને વતનથી ૫૦ થી ૬૦ કિમી સુધી શાળાઓ બદલાઈ જતા તેમને અન્યાય થયો હોવાથી તેમની પાસે રજુઆત કરવા પહોંચતા આવેશમાં આવી જઈ ટીપીઓ તરાર સાથે જે વાર્તાલાપ થયો અને જે અપશબ્દો બોલાયા તે માટે ટીપીઓ અને શિક્ષકો માટે દિલગીરી વ્યક્ત કરી હતી.

રાજ્ય પ્રાથમીક શિક્ષણ સંઘના મહામંત્રી સતીષ પટેલનો બીભત્સ શબ્દોના ઉચ્ચારણ સાથેનો ઑડિયો વાયરલ થતા જ શિક્ષકોનું શરમથી માથું ઝૂકી જાય તેવો અહેસાસ અનુભવી રહ્યા હતા. બીજી બાજુ શિક્ષણ વિભાગ પાસે પણ આ ઑડિયો પહોંચતા ગાંધીનગર બેસતા મંત્રીઓ અને અધિકારીઓ પણ મહામંત્રીએ ઉચ્ચારેલ શબ્દ પ્રયોગ અને ટીપીઓને ધમકીભર્યા સૂરમાં ચીમકી અપાતા રાજ્ય પ્રાથમિક વિભાગ કોઈ પણ પ્રકારની શિક્ષાત્મક કે પછી કાયદાકીય કાર્યવાહી કરે તે પહેલા પાણી પહેલા પાળ બાંધી લીધી હતી.

## એન્ટોની વેસ્ટ હેન્ડલિંગ સેલ લિમિટેડનો આઈપીઓ ૨૧મીએ ખુલશે

એન્ટોની વેસ્ટ હેન્ડલિંગ સેલ લિમિટેડ (''કંપની'') ભારતીય એમએસડબલ્યુ મેનેજમેન્ટ ઉદ્યોગમાં બીજી સૌથી મોટી કંપની છે. (નાણાંકીય વર્ષ-૨૦૧૯-૨૦ માટે અંદાજે રૂ. ૫૦૦ અબજ), જે ૧૯ વર્ષથી વધારે સમયનો ટ્રેક રેકોર્ડ ધરાવે છે. કંપની ૨૧ ડિસેમ્બર, ૨૦૨૦ના રોજ રોકડ માટે રૂ. ૫ની ફેશ વેલ્યુ ધરાવતા ઈક્વિટી શેર (''ઈક્વિટી શેર'')નો આઈપીઓ (ઈનિશિયલ પબ્લિક ઓફર) ''ઈશ્યૂ'') લાવશે. જેની પ્રાઈસ બેન્ડ ઈક્વિટી શેરદીઠ રૂ. ૩૧૩ થી રૂ. ૩૧૫ છે. આઈપીઓમાં રૂ. ૮૫૦ મિલિયનના ફ્રેશ ઈક્વિટી શેર અને ૬,૮૨૪,૯૩૩ ઈક્વિટી શેર સુધીના વેચાણની ઓફર સામેલ છે. જેમાં લીડ્સ (મોરેશિયસ) લિમિટેડનાં ૧,૩૯૦,૩૩૦ ઈક્વિટી શેર, ટોનબ્રિજ (મોરેશિયસ) લિમિટેડનાં ૨,૦૮૫,૫૧૦ ઈક્વિટી શેર, કેમ્બ્રિજ (મોરેશિયસ) લિમિટેડના ૧,૧૫૮,૬૬૭ ઈક્વિટી શેર અને ગિલ્ડફોર્ડ (મોરેશિયસ) લિમિટેડનાં ૧,૧૫૮,૬૬૭ ઈક્વિટી શેર સામેલ છે. બિડ/ઈશ્યુ ૨૩ ડિસેમ્બર, ૨૦૨૦ના રોજ બંધ થશે. બિડ લઘુત્તમ ૪૭ ઈક્વિટી શેરના લોટમાં અને પછી ૪૭ ઈક્વિટી શેરના ગુણાંકમાં થઈ શકશે. ઈક્વિટી શેરનું લિસ્ટિંગ BSE અને NSE પર થશે.

કંપની ઈશ્યૂની ચોખ્ખી આવકનો ઉપયોગ આ માટે કરશે : (૧) એની પેટાકંપનીઓ એજી એન્વાયરો અને/અથવા ALESPLમાં રોકાણ દ્વારા પિમ્પરી ચિંચવાડમાં વેસ્ટ-ટૂ-એનર્જી પ્રોજેક્ટ માટે આંશિક ધિરાણ કરવા, (૨) એની પેટાકંપની એજી એન્વાયરોમાં એની બાકી નીકળતી ઋણના હિસ્સાની પુનઃ ચુકવણી/આગોરી ચુકવણી કરીને ઋણ ઉમેરી કંપની અને એની પેટાકંપનીઓના કુલ ઋણમાં ઘટાડો કરવા અને (૩) સાધારણ કોર્પોરેટ કામગીરીઓ માટે.

# ખાપરેટામાં જમીન વેચી દીધા બાદ માલિકી હક્કનો દાવો કરતા દસ સામે ફરિયાદ

હિંમતનગર, તા. ૧૭

હિંમતનગર તાલુકાના ગાંભોઈ પોલીસ સ્ટેશનની હદમાં આવેલા ખાપરેટા ગામે વર્ષો અગાઉ પોતાની માલિકીની લગભગ બે હેક્ટરથી વધુ જમીન અન્યને વેચાણ કર્યા બાદ તે જમીન પર ફરીથી માલિકી હક્ક જમાવવાનો પ્રયાસ કરી દસ જણાએ બે દિવસ અગાઉ આ જમીનમાં ગેરકાયદે પ્રવેશ કરી ગાળોબોલી જાનથી મારી નાખવાની ધમકી આપ્યાની ફરિયાદ બુધવારે ગાંભોઈ પોલીસ સ્ટેશનમાં નોધાવવા પામી હતી.

આ અંગે ભિલોડા તાલુકાના ઉબસલ ગામના રમણભાઈ ડામોરે નોધાવેલી ફરિયાદમાં કરેલા આક્ષેપ મુજબ વર્ષો અગાઉ ખાપરેટા ગામની સીમમાં આવેલ ખાતા નં. ૨૭૧ રીસર્વે નંબર ૧૧૮ના સર્વે નંબર ૪૭/૧ પૈકી-૧ની અંદાજે ૨-૦-૨-૬૩ (હે.ચો.મી.)ની અંદાજે ૨-૩૦ જૂની શરતની ખેતીલાયક જમીન વર્ષો પહેલા મૂળ માલિક હેમતાજીના વારસદારોને આપી હતી.

ત્યારબાદ આ જમીન પર ફરીથી કબજો જમાવવા માટે ચૌહાણ દલપતસિંહ ચેહરસિંહ, ચૌહાણ કુંવરસિંહ ચેહરસિંહ, ચૌહાણ કોકીલાબેન દલપતસિંહ, ચૌહાણ સંગીતાબેન કુંવરસિંહ, ચૌહાણ રમણસિંહ બાલુસિંહ, ચૌહાણ ગીતાબેન રમણસિંહ, મકવાણા નરેન્દ્રસિંહ પ્રતાપસિંહ (રહે. અંબાવાડા), હર્ષદભારથી મોહન ભારથી ગોસ્વામી (રહે.સિહોલી), ગાંભોઈના વિજયસિંહ કરણસિંહ રાઠોડ સહીત હડીયોલ ગામના જયંતીભાઈ મગનભાઈ પટેલે આ જમીન પર કબજો જમાવવાના આશયથી જયારે રમણભાઈ ડામોર વાવેતર કરવા આવ્યા હતા. ત્યારે આ લોકોએ આ જમીનમાં કેમ આવ્યા છો. તેમ કહી જતા રહેવાની ધમકી આપવાનું શરુ કર્યું હતું. તેમજ કોઈને છોડીશું નહિ તેમ કહેતા રમણભાઈ ડામોરે ત્રણેક મહિના અગાઉ જમીનની ફરતે તારની વાડ બનાવી હતી.

જેથી આ સમયે પણ દસ પૈકી આઠ જણાએ આવીને અપશબ્દો બોલી જમીનમાં પ્રવેશ કરશો તો જાનથી મારી નાખવાની ધમકી પણ આપી હતી તેમજ દશે જણાએ ભેગા મળી જાતિ વિરુદ્ધ ઉચ્ચારણો કરીને ઝગડો કર્યો હતો. જેથી રમણભાઈ ડામોરે બુધવારે દસ જણા સામે એટ્રોસીટી એક્ટ અંતર્ગત ગાંભોઈ પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોધાવતા પોલીસે આગળની કાર્યવાહી હાથ ધરી છે.

# રાજ્યભરના મોટા ભાગના વિસ્તારોમાં ઠંડીનું જોર વધ્યું

અમદાવાદ, તા. ૧૭

ગુજરાતમાં શરૂ થયેલા ઉત્તર-પૂર્વીય ઠંડા પવનની અસરથી રાજ્યનાં મોટાભાગના શહેરોના લઘુતમ તાપમાનમાં ઘટાડો થયો છે. નલિયા ૮.૦ ડિગ્રી સાથે સૌથી ઠંડુ રહ્યું હતું. ૧૨ શહેરોમાં ઠંડીનો પારો ૧૪ ડિગ્રીથી નીચે નોંધાયો છે. જ્યારે આગામી દિવસોમાં ઉત્તર-દક્ષિણ અને મધ્ય ગુજરાતમાં ઠંડીનું જોર વધવાની શક્યતા છે. હવામાન વિભાગના જણાવ્યાં પ્રમાણે, હજુ ત્રણ દિવસ તાપમાનમાં કોઈ ફેરફાર નહીં આવે અને તે બાદ ઠંડીનો પારો વધારે ગગડવાની શક્યતા છે.

પહાડો પર હિમવર્ષા અને મેદાની વિસ્તારમાં વરસાદથી ઉતર ભારતમાં ઠંડી વધી છે. રાજસ્થાનના ૧૮ શહેરોમાં તાપમાન ૧૦ ડિગ્રીની નીચે આવી ગયું છે. મધ્યપ્રદેશમાં પણ ઠંડીનો ચમકારો વધી ગયો છે. પંચમઢીમાં સૌથી ઓછું ૮ ડિગ્રી તાપમાન નોંધાયું છે. ઘણા રાજ્યોમાં ગાઢ ધુમ્મસ થવાના કારણે વિઝિબિલિટી ઘટી ગઈ છે.

રાજસ્થાનમાં હાલ ઠંડીનો ચમકારો જોવા મળી રહ્યો છે. લગભગ ૧૮ જેટલા શહેરમાં મિનિમમ ટેમ્પરેચર ૧૦ ડીગ્રીથી નીચે આવી ગયું છે. બુધવારે સૌથી ઠંડું માઉન્ટ આબુ રહ્યું. અહીં તાપમાન ૧.૪ ડિગ્રી નોંધાયું છે. જ્યારે અમૃતસરમાં રાતનું તાપમાન ૨ ડિગ્રી નોંધાયું છે. અમૃતસર શિમલાથી પણ ઠંડું રહ્યું છે. અમૃતસર, લુધિયાણા સહિત ઘણા વિસ્તારોમાં વિજિબિલિટી ૨૫ મીટરથી ઘટી રહી છે.

ઉપરાંત કાશ્મીર અને હિમાચલ પ્રદેશમાં હિમવર્ષા વધતા હવે તેની અસર ઉત્તર ભારતની સાથે પશ્ચિમ, પૂર્વ અને મધ્ય ભારતમાં પણ જોવા મળી રહી છે. સતત બીજા દિવસે કાશ્મીરના ગુલમર્ગમાં તાપમાન માઈનસ ૧૦ ડીગ્રીથી નીચું રહ્યું હતું.

## દેખાવ કરવાનો હક્ક

● **અનુસંધાન પહેલાનું ચાલુ**

માનશે. અત્યાર સુધી તમારી ચર્ચા સફળ રહી નથી. આ માટે કમિટીની રચના જરૂરી છે. એટર્ની જનરલે અપીલ કરી છે કે, ૨૧ દિવસથી રસ્તા બંધ છે, જે ખુલવા જોઈએ. ત્યાં લોકો માસ્ક વગર બેઠા છે. આવામાં કોરોનાનો ખતરો છે.

ચીફ જસ્ટિસ બોબડેએ કહ્યું કે, અમે મામલા અંગે આજે સુનાવણી નથી પૂરી કરી રહ્યા. બસ જોવાનું એ છે કે વિરોધ પણ ચાલતો રહે અને લોકોના મૌલિક અધિકારનોનું હનન ન થાય. તેમનું પણ જીવન અડચણ વગર ચાલે. અમે વિચારી રહ્યા છીએ કે એક કમિટી બનાવવામાં આવે. જેમાં સ્વતંત્ર લોકો હોય. કમિટીના લોકો પોતાના રિપોર્ટ વાતચીત કરીને આપે. એ વાતનું પણ ધ્યાન રાખે કે પોલીસ હિંસા ન કરે. પ્રદર્શન ચાલતા રહે પરંતુ રસ્તા જામ ન કરીએ.

સુપ્રીમ કોર્ટમાં પંજાબ સરકાર તરફથી પી.ચિદમ્બરમે પોતાનો પક્ષ રાખ્યો કે, કોઈપણ ખેડૂત સંગઠને રસ્તા જામ કરવાની વાત નથી કરી. પોલીસ દ્વારા રસ્તા બંધ કરવામાં આવ્યા છે. જ્યારે કોર્ટે કહ્યું કે, આટલી મોટી ભીડની જવાબદારી કોણ લેશે, કોર્ટ આ કામ નથી કરી શકતું.

## રેલવે જોડાણ શરૂ

● **અનુસંધાન પહેલાનું ચાલુ**

બંને દેશોની વચ્ચે આ સેવા શરૂ થવાની સંબંધોની ડોર વધુ મજબૂત થઈ છે. બંને દેશોની વચ્ચે ઢાકાથી સિલીગુડી સુધી પેસેન્જર ટ્રેન ચલાવાની પણ યોજના છે.

૭.૫ કિલોમીટર લાંબી રેલવે લાઈન દ્વારા વાયા બાંગ્લાદેશ પશ્ચિમ બંગાળનો અસમ સુધી સંપર્ક સરળ થઈ જશે. આ ટ્રેન દોડવાથી બંને દેશોની વચ્ચે વ્યાપારિક સંબંધો પણ મજબૂત થશે. આ સિવાય ટુરિઝમને પણ વેગ મળશે.

બાંગ્લાદેશના પેત્રોપાલ-બેનાપોલ સરહદથી ભારતમાં પ્રવેશ કરશે અને ઉત્તર બંગાળની ચિલહટી-હલ્દીબાડી સરહદથી નીકળશે. સિલીગુડીથી ચાલતી ટ્રેન ચિલહટી, દોમાર, તોરનબાડી, નિલ્ફામાડી, સઈદપુર, દર્શના, પરબતીપુર અને હલ્દીબાડીથી પાર નીકળ્યા બાદ ટ્રેન બેનાપોલ-પેત્રોપાલ થતા સિયાલદહ પહોંચશે. નોર્થ ફંટિયર રેલવેના અધિકારીઓએ કહ્યું કે હલ્દીબાડી સ્ટેશનથી આંતરરાષ્ટ્રીય સરહદ સાડા ૪ કિલોમીટર દૂર છે. તો બાંગ્લાદેશથી ચિલહટી સરહદ સાડા સાત કિલોમીટર દૂર છે. પહેલાં આ રૂટ પર ચિલહટીથી હલ્દીબાડીની વચ્ચે એક માલગાડીને રવાના કરી છે.

## પેવર બ્લોકની યોજના

● **અનુસંધાન છેલ્લાનું ચાલુ**

બ્લોક નાંખીને બ્લોક કરી દીધી હોય તેવી સ્થિતિ છે. જેના લીધે રોડ નેટવર્ક પણ સાંકડુ થઈ ગયુ છે. જ્યારે સેકટરોના આંતરિક માર્ગો પર વાહનોની અવરજવરમાં પણ તકલીફ ઉભી થઈ છે. આ ઉપરાંત બહાર નળની લાઈનને અનુલક્ષી મોટીમસ ચોકડી પણ કરી દેવાતા અન્ય મુશ્કેલીઓ પણ ઉભી થઈ છે. સ્માર્ટ સીટી બનવા તરફ આગળ વધતા નગરમાં સેકટરોના આંતરિક વિસ્તારમાં સમસ્યાઓ વધી રહી છે. ત્યારે સરકારની યોજનાઓ અન્ય માટે સમસ્યારૂપ ન બને તે માટે પણ નિયમો છે નહી કે તેનુ પાલન થતુ નથી તે અસમંજસ વચ્ચે રહીશો પરેશાન છે. આવા સંજોગોમાં પેવર બ્લોકની કામગીરી દરમિયાન માર્ગોની તંદુરસ્તી તેમજ દબાણની સમસ્યા ન ઉદભવે તેવા પરિળોને ધ્યાને લઈને જ કામ કરવુ જોઈએ તેવો પણ સરુ ઉઠવા પામ્યો છે.

## આવાસ યોજના

● **અનુસંધાન છેલ્લાનું ચાલુ**

ગુડાના કોન્ટ્રાકટર દ્વારા રહીશોને મકાન રીપેરીંગ કરવાનુ જણાંવી કામ અધુરુ મુકી દેવામાં આવતુ હોવાની ફરિયાદો પણ સ્થાનિકો વ્યકત કરી રહ્યા છે. મકાન માલિકોને ભાડુઆતો ન રાખવા દબાણ કરતા ગુડાના તંત્રએ આવાસોની જાળવણી કરવામાં બેદરકાર એજન્સી પર માત્ર રહેમ દાખવી રહ્યા છે. જેના પરથી ગુડાની ભ્રષ્ટ નિતી સ્પષ્ટ થઈ રહી છે. આવાસોના નિર્માણ બાદ જાળવણીમાં પણ ગુણવત્તા ન જળવાઈ હોવાના આક્રોશ સામે ગુડાનુ તંત્ર ચુપકીદી સેવી રહ્યુ છે. ત્યારે નિતી નિયમોની વાત નેવે મુકાઈ જતી હોવાનો રોષ પણ રહીશો ઠાલવી રહ્યા છે.

## મહત્વની બેઠક

● **અનુસંધાન છેલ્લાનું ચાલુ**

પાર્ટીઓને વર્ક ઓર્ડર આપવાનો નિર્ણય લેવાશે. આ પ્રોજેક્ટ માટે શહેરને બે ઝોનમાં વહેંચવામાં આવ્યુ છે. અન્ડરગ્રાઉન્ડ ડસ્ટબીનનો પ્રોજેક્ટ અગાઉ દ. ગુજરાતમાં અમલમાં મુકાયો હતો પરંતુ તેના પરિણામો પ્રોત્સાહજનક નહિ રહ્યાનું જાણવા મળેલ છે. આમ છતાં મનપા દ્વારા આ પ્રોજેક્ટ માટે આગળ વધવાનું નક્કી કરાયા બાદ ટેન્ડરીંગ કરવામાં આવ્યુ હતુ હવે આજે આ પ્રોજેક્ટને લઈ આખરી નિર્ણય કરવામાં આવશે.

આ બેઠકમાં મેયરની ગ્રાન્ટમાંથી આઈસીયુ ઓન વ્હીલ્સ એમ્બ્યુલન્સની દરખાસ્ત વધુ એક વખત રજુ કરવામાં આવતાં શહેરના રાજકિય વર્તુળોની નજર સ્થાયી સમિતિની આજની બેઠક પર મંડાયેલી છે. આ બેઠકમાં બાસણમાં ધોબીઘાટ બનાવવા બાબતે પણ નિર્ણય લેવામાં આવનાર છે. ઘણા વખત પછી સ્થાયી સમિતિની બેઠક મળી રહી હોવાથી સૌની નજર આ બેઠકમાં થનારી ચર્ચાઓ અને નિર્ણય પર મંડાયેલી છે.

ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ...

SANGHI CEMENT Turning Dreams into Concrete Reality
KisaN
ashirvad
Jaquar experience bathing
DR. FIXIT
TATA STEEL • PIPES • SHEETS
ET TMT BARS Mazboot Bharat ki Pehchan

જગદીશ સ્ટીલ સ્ટોર્સ

પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮,
મો. ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬

શાખા :
સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૮૭૩૨૨

સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ